:: રાજય સરકારના પેન્શન સંબંધિત ધ્યાને રાખવાના મુદાઓ ::

| ક્રમ | વિગત |
|---|---|
| 1 | બેંકમાં આપની ઓળખ આપણા એકાઉન્ટ નંબરથી હોય છે તેમ પેન્શન માટેની આપણી ઓળખ પી.પી.ઓ. નંબર થી રહે છે. પેન્શન કચેરીની મુલાકાત દરમ્યાન નીચે દર્શાવેલ માહિતી અચુક સાથે રાખો / પેન્શન કચેરી સાથેના પત્રવ્યવહારમાં તે અવશ્ય દર્શાવો : (૧) પી.પી.ઓ. નંબર (૨) જે બેંક માંથી પેન્શન મેળવતા હોય ત બેંક અને શાખાનું નામ (૩) બેંક નો એકાઉન્ટ નંબર |
| 2 | પેન્શન કચેરીની મુલાકાત લેવાની સુચારૂ તારીખ : તા.૧ થી ૧૫ સુચારૂ સમય : ૧૧ થી ૨ |
| 3 | પેન્શનરની ૧૫ વર્ષ બાદ બંધ થતી મુડીકૃત રૂપાંતરની કપાત, નિવૃતીની તારીખના આધારે નહી પણ નિવૃતી બાદ પેન્શન કચેરીમાં થી પ્રથમ ચુકવણું મેળવ્યા તારીખ ના પછીના માસ થી ૧૫ વર્ષ ની ગણતરી આધારે થાય છે. જે આપોઆપ થાય છે. નિયત મુદત બાદ પણ કપાત બંધ થાય નહી તો, પેન્શન કચેરીમાં થી નિયત ફોર્મ મેળવી રજુ કરવું. |
| 4 | 1. પેન્શન કચેરીમાં મેડીકલ રીએમ્બર્સમેન્ટ ના બીલ રજુ કરવાનો સમય : ૧૧ થી ૨<br>2. મેડીકલ રીએમ્બર્સમેન્ટ ના બીલ એક માસમાં એક જ વખત અને તબીબી સારવાર પુર્ણ થયાના છ માસની અંદર રજુ કરવા. |
| 5 | 1. પેન્શનર ના અવસાનની જાણ મૃત્યુ તારીખ થી સાત દિવસમાં , મરણનો દાખલો આવ્યે થી તુરંત પેન્શન કચેરી ને કરવી.<br>2. કુટુંબ પેન્શન શરૂ કરવા પેન્શન કચેરીમાં થી નિયત ફોર્મ મેળવી, સાધનિક કાગળો સાથે રજુ કરવું.<br>3. પેન્શનર ના અવસાન બાદ, સહાય તરીકે એક માસનું પેન્શન આપવામાં આવે છે, કુટુંબ પેન્શનરના અવસાન બાદ નહી. |
| 6 | 1. પેન્શનર / કુટુંબ પેન્શનર ના અવસાન બાદ, સીધું જ / બારોબાર બેંકમાં ખાતું બંધ કરવું નહી.<br>2. પેન્શન કચેરીના ના–વાંધા પ્રમાણપત્ર ને મેળવી, બેંકમાં રજુ કરીને ખાતું બંધ કરવું. |
| 7 | 1. ગામ / શહેર બદલાતું હોય તો જ બેંક બદલવાનો આગ્રહ રાખવો.<br>2. બેંક બદલવાના પ્રસંગે પ્રથમ પેન્શન કચેરી માંથી નિયત ફોર્મ મેળવી, સાધનિક કાગળો સાથે રજુ કરી, પેન્શન કચેરી ને કાર્યવાહી પુર્ણ કરવા દેવી. પેન્શન કચેરી ની જાણ બહાર સીધી જ / બારોબાર બેંક કે શાખા બદલવી નહી.<br>3. જીલ્લા / રાજ્ય બહારથી પેન્શન મેળવવા માટે પ્રથમ પેન્શન કચેરી માંથી નિયત ફોર્મ મેળવી, સાધનિક કાગળો સાથે રજુ કરવા. |
| 8 | પેન્શનર / કુટુંબ પેન્શનર તમામે હયાતી માં જ નોમીનેશન ની કાર્યવાહી પેન્શન કચેરીમાં અને બેંકમાં અચુક પુર્ણ કરવી. |
| 9 | પેન્શનર / કુટુંબ પેન્શનર તમામે આધાર નંબર / પાન નંબર પેન્શન કચેરીમાં અને બેંકમાં અચુક રજુ કરવા. |
| 10 | 1. દર વર્ષે, મે–જુન–જુલાઈ માસ દરમ્યાન બેંકમાં હયાતીનું ફોર્મ ભરવું. આ સમયગાળામાં હયાતીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, બાદમાં પેન્શન કચેરીમાં હયાતીનું ફોર્મ રજુ કરવું.<br>2. પેન્શનર / કુટુંબ પેન્શનર ભારત બહાર હોય તો ત્યાંથી હયાતીનું પ્રમાણપત્ર નોટરી દવારા મેળવી પેન્શન કચેરીમાં રજુ કરવું. તેમાં, [ (૧) પી.પી.ઓ. નંબર (૨) જે બેંક માંથી પેન્શન મેળવતા હોય ત બેંક અને શાખાનું નામ (૩) બેંક નો એકાઉન્ટ નંબર ] ની વિગતો અચુક દર્શાવવી.<br>3. ઓન લાઈન હયાતી ની ખાત્રી ગમે તે સ્થળેથી પોતાના આધાર નંબર થી કરી શકાય છે. તે માટે જે બેંક / શાખામાં થી પેન્શન મેળવતા હોય તે બેંક / શાખામાં jeevanpramaan.gov.in માં રજીસ્ટ્રેશન કરાવવું. આ સુવિધા હેઠળ દરેક પેન્શનર / કુટુંબ પેન્શનર રજીસ્ટ્રેશન કરાવે તે જરૂરી અને ઈચ્છનીય છે. |
| 11 | બિન નિવાસી પેન્શનર / કુટુંબ પેન્શનરે બેંકમાં એન.આર.ઓ. ( નોન રેસીડેંન્ટ ઓર્ડીનરી ) એકાઉન્ટ ખોલાવી, પાસપોર્ટ ની પ્રમાણિત નકલ સહ વિગતો પેન્શન કચેરી માં રજુ કરવી. |
| 12 | દર વર્ષે, મે–જુન–જુલાઈ માસ દરમ્યાન બેંક માંથી વાર્ષિક પેન્શનનું પ્રમાણપત્ર મેળવી લેવું. |
| 13 | પેન્શન સંબંધિત વિગતો, પેન્શનનું પ્રમાણપત્ર, જુના વાર્ષિક પ્રમાણપત્ર, માસિક / ત્રિમાસિક પ્રમાણપત્ર, હયાતીના ફોર્મ, મેડીકલ બીલનું સ્ટેટસ ઓન લાઈન મેળવી શકાય છે.<br>cybertreasury.gujarat.gov,in User ID : Bank Account No. Pass Word : PPO No. |
| 14 | 1. ઉંમર આધારિત વધારાના પેન્શનનો લાભ, પેન્શનર ની જન્મ તારીખ પેન્શન કચેરીના રેકર્ડમાં હોય, આપોઆપ મળે છે.<br>2. કુટુંબ પેન્શનરે ઉંમર આધારિત વધારાના પેન્શનનો લાભ મેળવવા પોતાની જન્મ તારીખ દર્શાવતા પુરાવા ( પાન કાર્ડ, જન્મ નો દાખલો, વર્ગ–૧ ના સરકારી તબીબી અધિકારી નું ઉંમર અંગે નું પ્રમાણપત્ર : પૈકી ગમે તે એક ) ની પ્રમાણિત નકલ સાથે પેન્શન કચેરી ને અરજી કરવી. |
| 15 | પેન્શનર / કુટુંબ પેન્શનર ના શારિરીક અથવા માનસિક અશકત / અંધત્વ પ્રાપ્ત સંતાનને વિવાહીત સ્થિતીને ધ્યાને લીધા સિવાય આજીવન લઘુતમ કુટુંબ પેન્શન, પેન્શનર / કુટુંબ પેન્શનર ની હયાતી ના હોય ત્યારે આપવાની જોગવાઈ નો લાભ મેળવવા પેન્શન કચેરીનો રૂબરૂ સંપર્ક કરી સમજુતી મેળવવી. |
| 16 | 50%30% ના પેન્શન રિવીઝન માટે નિવૃતી સમયેની કચેરી ને અરજી કરવી. વિગતો તપાસી, જરૂરી ભલામણ સહ તે પેન્શન કચેરી ને મોકલશે. ત્યારબાદ, પેન્શન કચેરી પેન્શન રિવીઝન ની કાર્યવાહી હાથ ધરશે. |
| 17 | ધ્વનિ શ્રવણ યંત્ર – કાનના મશીન એક કાનના રૂા. 25000/- દીઠ માત્ર પેન્શનર ને જીવનકાળ દરમ્યાન એક જ વખત મળે. |
| 18 | પેન્શનર / કુટુંબ પેન્શનર માટે ઢીચણ– Knee ના ઓપરેશન માટે ઢીચણ દીઠ રૂા. 40000/- જોગવાઈ નિયત થયેલ છે. જે માટે ગમે તે હોસ્પીટલ માં ઓપરેશન કરાવી, સીવીલ સર્જનશ્રીની પ્રતિસહી કરાવી બીલ રજુ કરવાનું રહે. |